# સેંટ ઝેવિયર્સ સ્કૂલ, સે. ૮માં કલરવ સંસ્થાના સમર કેમ્પમાં વિદ્યાર્થીઓ ખુશીથી ઝુમ્યા





(તસવીર : કશ્યપ નિમાવત)

ગાંધીનગર, તા. ૪

વિદ્યાર્થીઓની પરીક્ષાઓ પૂર્ણ થઈ જતા જ બાળકો હળવા મુડમાં આવી જાય છે. અને ભણતરનો ભાર દૂર કરવા માટે અભ્યાસ સિવાયની પ્રવૃત્તિઓમાં રસ લઈ વેકેશનને ખરા અર્થમાં મનાવે છે. વિદ્યાર્થીઓ સમયનો સદ્‌ઉપયોગ કરે તે માટે સેંટ ઝેવિયર્સ ખાતે કલરવ સંસ્થા દ્વારા સમરકેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે.

ગાંધીનગરના સેક્ટર-૮માં આવેલ સેંટ ઝેવિયર્સ સ્કૂલમાં પંદર દિવસીય સમરકેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. કલરવ સંસ્થા દ્વારા સતત આઠમા વર્ષે આ આયોજન કરાયું છે. અને સંસ્થા હંમેશા બાળકો માટે કાર્ય કરવા માટે ઉત્સાહિત રહે છે. આખુ વર્ષ વિદ્યાર્થીઓ ભણતરનો ભાર સહન કરે છે. ત્યારે આ ભણતરરૂપી ભારથી વિદ્યાર્થીઓ આરામ મેળવે તે માટે સમર કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે.

તા. ૨જી મે થી શરૂ કરવામાં આવેલ સમરકેમ્પમાં વિદ્યાર્થીઓને વિષય નિષ્ણાતો દ્વારા વિવિધ પ્રકારના ફ્રી સ્ટાઈલ ડાન્સ, કથ્થક, રાજસ્થાની નૃત્ય, સ્કીટ, નાટક અને થીમ બેઝ ડાન્સ શિખવવામાં આવી રહ્યા છે ત્યારે આ વર્ષે વિદ્યાર્થીઓને ચિત્રકલા પણ શિખવાડવામાં આવી રહી છે.

દરરોજ અલગ-અલગ ડાન્સમાં આશરે ૫૦ થી વધુ વિદ્યાર્થીઓ કલા પ્રત્યે પ્રેમ રાખી અવનવા ડાન્સ શિખી રહ્યા છે. આજે વિદ્યાર્થીઓને કથ્થક અને ફ્રીસ્ટાઈલ ડાન્સ શિખવાડવામાં આવ્યા હતા. મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓએ ઉત્સાહ દાખવી કથ્થક શિખી રહ્યા હતા. તા. ૧૫ મે સુધી ચાલનારા આ સમરકેમ્પમાં દરરોજ અલગઅલગ થીમ પર રંગમંચલક્ષી કાર્યક્રમ શિખવાડવામાં આવશે.







જંગલખાતા દ્વારા નગરમાં ઠેર ઠેર ફેન્સીંગ કરવામાં આવી છે. જેથી કરી એ જગ્યા વ્યવસ્થિત રહી શકે. વૃક્ષોનો ઉછેર થઈ શકે, પરંતુ આપણા સંસ્કારી અને સુરક્ષિત નગરજનો આ ફેન્સીંગને નુકશાન થતા અટકાવી શકતા નથી. અગર તો મુક રહી સમર્થન આપી રહ્યા છે. (તસવીર : કશ્યપ નિમાવત)

# સેક્ટર-૧૨માં રહેતા શિક્ષિકાના ઘરેથી દાગીના ભરેલો ડબ્બો ગુમ

## ઘરનું તાળું પણ તૂંટ્યું નથી કે ઘરઘાટી પણ કામ કરતા નથી છતાં થયેલી ચોરી રહસ્યમય

ગાંધીનગર, તા. ૪

ગાંધીનગર શહેરના સેક્ટર-૧૨ ખાતે રહેતી એક શિક્ષિકાના મકાનમાંથી દાગીના તથા રોકડા ભરેલો ડબ્બો ગાયબ થઈ જતા મામલો પોલીસ મથકે પહોંચ્યો છે. પરિવાર આખું બહારગામ ગયું હતું અને પરત ફર્યું ત્યારે ધ્યાન ગયું કે ઘરમાં પડેલો એક ડબ્બો જેમાં તેમણે સોના-ચાંદીના દાગીના તથા રોકડા રૂપિયા ભરીને સંતાડ્યા હતા તે ડબ્બો જ ગાયબ હતો. જો કે મકાનમાં કોઈ ઘરઘાટી પણ કામ કરતો નથી કે મકાનનું તાળું પણ તૂટ્યું નથી તો ડબ્બો ગયો ક્યાં ? તે રહસ્ય સર્જાયું છે. સે.૭ પોલીસનો સંપર્ક શિક્ષિકાએ કરતા પોલીસ પહોંચી ગઈ હતી. જો કે હજુ ફરિયાદ નોંધાવી નથી.

શહેરના સેક્ટર-૧૨ બી પ્લોટ નં.૪૧૯/૧ ખાતે રહેતા શિક્ષિકા તથા તેમનું પરિવાર બહારગામ ગયું હતું. ત્યાંથી પરત ફર્યા બાદ અચાનક તેમનું ધ્યાન તે જગ્યા પર પડ્યું કે જયાં તેમણે એક કીમતી ડબ્બો મુક્યો હતો. આ જગ્યા એ કીમતી ડબ્બો જ ન દેખાતા તેઓ એકદમ સુન્ન થઈ ગયા હતા. કેમ કે ડબ્બામાં તેમણે કિંમતી સોના-ચાંદીના દાગીના તથા રોકડ સંતાડી હતી. દાગીના તથા રોકડ ભરેલો ડબ્બો ક્યાં ગુમ થઈ ગયો તે હજુ સુધી ખ્યાલ આવી શક્યો નથી. તેમના ઘરનું તાળું પણ તૂટ્યું નથી કે ઘરઘાટી કામ કરતા નથી કે પછી કોઈ અન્ય વ્યક્તિની અવરજવર પણ થઈ નથી તો ડબ્બો ક્યાં ગયો તે બાબતે રહસ્ય સર્જયું છે. તેમણે પોલીસને જાણ કરતા પી.એસ.આઈ. વી.યુ.ગડરિયા સ્થળ પર પહોંચી ગયા હતા. જો કે હજુ શાંતિથી વિચારીને શિક્ષિકા ફરિયાદ આપશે કે તેમણે ઘરમાં બીજે ક્યાંક તો તે ડબ્બો નથી મૂકી દીધો ને.!!.તેમ પી.એસ.આઈ એ જણાવ્યું છે.

# સેક્ટર-૨૬ કિસાનનગરમાંથી બાઈક ચોરી જનાર શખ્સ પકડાયો

## વાહનચોરીના અન્ય કેટલાક ગુનાઓ ઉકેલાય તેવી શક્યતા : રૂપાલના બાઈકચોરને સેક્ટર-૨૧ પોલીસ ટ્રાન્સફર વોરંટથી લઈ આવી

ગાંધીનગર, તા. ૪

ગાંધીનગર શહેરના સે.૨૬ કિશાનનગર ખાતેથી અઠવાડિયા અગાઉ બાઈકની ઉઠાંતરી થઈ જવા પામી હતી. આ બાઈક ચોરી જનાર ગાંધીનગર પાસેના રૂપાલ ગામનો શખ્સ અમદાવાદ પોલીસના હાથે ઝડપાઈ ગયો હતો. તેની પૂછપરછમાં સે.૨૬ ની બાઈક ચોરી ખુલતા સે.૨૧ પોલીસ તેને ટ્રાન્સફર વોરંટથી ગાંધીનગર લઈ આવી છે. વધુ પૂછતાછમાં અન્ય કેટલાક વાહનચોરીના ગુના નો ભેદ ઉકેલાય તેવી શક્યતા પણ પોલીસે વ્યક્ત કરી રીમાન્ડ મેળવવા તજવીજ હાથ ધરી છે.

ગાંધીનગર શહેરના સે.૨૬ કિશાનનગર પ્લોટ નં.૪૨૯/૧ માં રહેતા જગદીશભાઈ વિનોદભાઈ પટેલના ઘર આંગણે પાર્ક કરેલું તેમનું સ્પ્લેન્ડર બાઈક નં. જી.જે.૧૮ એ.ઈ ૪૦૦૨ ગત ૨૮ એપ્રિલે રાત્રી દરમ્યાન ચોરી થઈ જવા પામ્યું હતું. આ અંગે સે.૨૧ પોલીસ મથકે ગુનો નોંધાયો હતો. દરમ્યાન અમદાવાદ પોલીસે ઝડપી પાડેલા એક વાહનચોર ની પૂછપરછમાં આ બાઈક ચોરીનો ભેદ ઉકેલાઈ જવા પામ્યો છે. સે.૨૧ પોલીસ ગઈ સાંજે બાઈક ચોર -કાશ અરજણભાઈ વણઝારાને ટ્રાન્સફર વોરંટથી ગાંધીનગર લઈ આવી છે. તેણે જ બાઈક ચોર્યું હોવાની કબુલાત કરી લીધી છે. રૂપલના આ બાઈક ચોર -કાશની વધુ પૂછપરછમાં અન્ય વાહનચોરીના ભેદ ઉકેલાવાની શક્યતા પોલીસે વ્યક્ત કરી કોર્ટમાં રજુ કરીને રીમાન્ડ મેળવવા તજવીજ હાથ ધરી છે.



**હાય રે રોજગારી! ભલે સીઝન ના હોય પણ ધંધો કર્યા વગર થોડું ચાલશે?**

દરેક ધંધા રોજગારમાં તેજી મંદી કે 'સીઝન' આવતી હોય છે. છેલ્લા કેટલાક દિવસોથી ગાંધીનગરમાં ગરમીનું પ્રમાણ વધવાતી મચ્છરોનો ઉપદ્રવ ખૂબ ઘટી ગયો છે પરંતુ હાય રે રોજગારી!! ઘ રોડ પર મચ્છરદાની વેચતા નાના નાના ફેરિયાઓ માટે આ ધંધાની સીઝન ના હોવા છતાં રોજ ગ્રાહકની આશાએ મચ્છરદાનીઓ પ્રદર્શનમાં મુકી પેટીયું રળવા કોશીષ કરે રાખે છે. (તસવીર : કશ્યપ નિમાવત)

## આજે સે. ૭-બીમાં આનંદનો ગરબો

ગાંધીનગર, તા. ૪

ગાંધીનગરના ભાવનાબેન ગોકલાણી દ્વારા આનંદનો ગરબો તા. ૫ મે સોમવાર, બપોરે ૩ થી ૬ કલાકે શ્રીમતી નીતાબેન સોનીના નિવાસસ્થાન પ્લોટ નં. ૬૦૩/૨, સેક્ટર-૭-બી ખાતે યોજવામાં આવશે. આ આનંદના ગરબામાં નગરની ધર્મપ્રેમી જનતાને લાભ લેવા જણાવ્યુ છે.

# ઝૂંડાલ નર્મદા કેનાલમાં ઝંપલાવી યુવાનનો આપઘાત

ગાંધીનગર, તા. ૪

ગાંધીનગર નજીકના ઝુંડાલ પાસેથી પસાર થતી નર્મદા કેનાલમાં આજે એક યુવાને અગમ્ય કારણોસર છલાંગ લગાવી ફાની દુનિયાને અલવિદા કરી દીધી છે. અમદાવાદના નિર્ણયનગર વિસ્તારના આ ૨૭ વર્ષીય યુવાને કયા કારણોસર આપઘાત કર્યો તે બાબત હજુ બહાર આવી નથી. અડાલજ પોલીસે અકસ્માત મોતનો ગુનો દાખલ કરીને વધુ તપાસ હાથ ધરી છે.

મળતી માહિતી -માણે અમદાવાદના નિર્ણયનગર સેક્ટર-૨ ખાતે રહેતા ૨૭ વર્ષીય અંકિત રાજુભાઈ પટેલ બે દિવસથી ઘરેથી લાપતા હતો. પરિવારજનો દ્વારા શોધખોળ ચાલી રહી હતી. દરમ્યાન આજે સવારના અરસામાં અંકિત પટેલનો તરતો મૃતદેહ ગાંધીનગર પાસેથી પસાર થતી ઝુંડાલ નર્મદા કેનાલમાંથી મળી આવ્યો હતો. મૃતદેહ અંગે નરોડાના હિરેનભાઈ પટેલે અડાલજ પોલીસને જાણ કરતા પોલીસ ઘટનાસ્થળે આવી પહોંચી હતી. મૃતદેહ પોસ્ટમોર્ટમ માટે ગાંધીનગર સિવિલ હોસ્પિટલ મોકલી પોલીસે અકસ્માત મોતનો ગુનો દાખલ કરી વધુ તપાસ શરુ કરી છે. હજુ સુધી આપઘાતનું કારણ બહાર આવી શક્યું નથી.

# આજે ગાંધીનગરમાં

## આજનો દિવસ

સૂર્યોદય : ૬.૧૧
સૂર્યાસ્ત : ૭.૦૬

## તાપમાન

મહત્તમ : ૪૧.૨ ડિ.સે.
લઘુત્તમ : ૨૪.૮ ડિ.સે.

## ભેજનું પ્રમાણ

સવારે ૬૫ ટકા ● સાંજે ૧૭ ટકા

## મનોરંજન

### સીટી પલ્સ

: સ્કીન-૧ :
સ્પાઈડરમેન-૨ (૩ડી-અંગ્રેજી) : ૧.૦૦, ૪.૦૦, ૭.૦૦, ૧૦.૦૦
: સ્કીન-૨ :
કહી હૈ મેરા પ્યાર : ૧૦.૦૦, ૭.૦૦
૨ સ્ટેટસ્ વન લવ : ૧૨.૪૫, ૩.૪૫, ૧૦.૦૦
: સ્કીન-૩ :
પુરાની જીન્સ : ૧૦.૦૦, ૧૨.૩૦, ૩.૧૫, ૧૦.૦૦
કયા દિલ્હી કયા લાહોર : ૬.૦૦, ૮.૦૦
: સ્કીન-૪ :
૨ સ્ટેટસ્ વન લવ : ૩.૪૫
કયા દિલ્હી કયા લાહોર : ૮.૦૦
૨ સ્ટેટસ્ વન લવ : ૧૦.૦૦

### સિને મેક્સ

: સ્કીન-૧ :
સ્પાઈડર મેન-૨ ૩ડી(હિન્દી) : ૧૦.૦૦,૧.૦૦,૪.૧૦,૭.૨૦,૧૦.૩૦
: સ્કીન-૨ :
સ્પાઈડરમેન-૨ ૩ડી (હિન્દી) : ૯.૦૦,૧૨.૦૦,૩.૧૦,૬.૨૦,૯.૩૦
: સ્કીન-૩ :
પુરાના જીન્સ: ૯.૦૦, ૨.૪૫, ૮.૩૦
સ્પાઈડરમેન-૨ ૨ડી (હિન્દી) : ૧૧.૪૫, ૫.૩૦
: સ્કીન-૪ :
૨ સ્ટેટસ્ : ૧૦.૧૫, ૧.૧૫, ૪.૧૫, ૭.૧૫, ૧૦.૧૫

### આર વર્લ્ડ (અડાલજ)

: સ્કીન-૧ :
ભૂતનાથ રીર્ટન : ૧૦.૧૫, ૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૯.૩૦
: સ્કીન-૨ :
મે તેરા હીરો : ૧૨.૪૫, ૩.૪૫, ૬.૪૫, ૯.૪૫
: સ્કીન-૩ :
કેપ્ટન અમેરિકા : ૧.૧૫
ભૂતનાથ રીર્ટન : ૪.૧૫, ૭.૧૫, ૧૦.૧૫

### સૂર્યા સિનેમા (વાવોલ)

પ્રેમને અર્પણ મારી જીંદગી : ૧૨.૩૦, ૩.૩૦, ૯.૩૦

### મૂવી પ્લેક્સ, કલોલ

: સ્કીન-૧ :
પુરાની જીન્સ : ૧૧.૦૦, ૧૦.૦૦
કયા દિલ્હી કયા લાહોર : ૨.૦૦, ૭.૩૦
૨ સ્ટેટ્સ : ૪.૧૫
: સ્કીન-૨ :
સ્પાઈડર મેન-૨ : ૧૦.૩૦, ૧.૩૦, ૪.૩૦, ૭.૩૦, ૧૦.૩૦
: સ્કીન-૩ :
કહી હૈ મેરા પ્યાર : ૧૦.૦૦, ૪.૦૦
ભૂતનાથ રીર્ટન : ૧.૦૦
૨ સ્ટેટ્સ : ૭.૦૦, ૧૦.૦૦

## આપની આજ

**મેષ** : નવા સંબંધ બનશે. માનસિક શાંતિ જાળવી રાખવી. વ્યાપાર-વ્યવસાયક્ષેત્રમાં આવનારા તનાવ અને વિઘ્નો સમાપ્ત થવાના યોગ બની રહ્યા છે. જોખમી કામોમાં સાવચેતી રાખવી.

**વૃષભ** : માન-સન્માનમાં યશ-વૃદ્ધિ થશે. ગુસ્સા અને આવેશ પર સંયમ રાખવો. જીવનસાથીનો સહયોગ કાર્યોમાં મળી રહેશે. વ્યાપાર-વ્યવસાય સારો ચાલશે.

**મિથુન** : આપ ભાગ્ય કરતાં કર્મ પર વધુ વિશ્વાસ કરી કાર્ય કરતા રહો. રાજયપક્ષનાં કાર્યોમાં સફળતા મળવાની સંભાવનાઓ રહેલી છે. લગ્નઈચ્છુકો માટે લગ્નનાં પ્રસ્તાવ આવશે. ધાર્મિક કાર્યો થશે.

**કર્ક** : કાર્ય અને વ્યવસાયના ક્ષેત્રમાં પૂરતી સફળતા પ્રાપ્ત થઈ શકશે. આરોગ્ય સંબંધી ચિંતાનું સમાધાન થશે. ઈચ્છાઓની પૂર્તિ થઈ શકે છે.

**સિંહ** :સામાજિક કાર્યોમાં આપનો સક્રિય સહયોગ રહેશે. વ્યાપાર-વ્યવસાયક્ષેત્રમાં સફળતા પ્રાપ્ત થઈ શકે છે. સંતાનના આરોગ્ય સંબંધીત ચિંતાઓનું નિકારણ આવશે.

**કન્યા** : જૂના સંબંધોમાં યશની વૃદ્ધિ થશે. વેપારમાં કાર્યક્ષેત્રનો વિકાસ અને વ્યાપારિક મુશ્કેલીઓ દૂર થશે .આવક કરતાં ખર્ચ ન વધે તેની તકેદારી રાખવી. આર્થિક તંગીની આશંકા છે.

**તુલા** : પ્રયત્નોમાં સફળતા પ્રાપ્ત થશે. ધાર્મિક યાત્રાઓ થઈ શકે છે. અટકેલા નાણાં પ્રાપ્ત થવાથી હર્ષ થશે. કૌટુંબિક ચિંતા દૂર થશે. વ્યવસાયિક સ્થિતિ સારી રહેવાની સંભાવના છે.

**વૃશ્ચિક** : મતભેદોથી દૂર રહીને શાંતિથી કાર્ય કરવું. પ્રગતિવર્ધક સમાચાર મળી શકે છે. સંતાનની ઉન્નતિ પ્રસન્નતા આપશે. પૂર્વમાં કરવામાં આવેલા કાર્યોનું ફળ મળી શકશે. જૂના સંબંધો વધુ મજબૂત થશે.

**ધન** : સંતોષપ્રદ વાતાવરણ રહેશે. કાર્ય સ્થિતિઓ અનુકૂળ રહેવાની સંભાવના છે. વિચારેલું કાર્ય સમય પર થશે. અટવાયેલા અને અધુરા રહેલા કાર્ય પૂર્ણ થવાથી ઉત્સાહ અને પ્રસન્નતા વધશે. મિત્રોના સહયોગથી અનુકૂળતા વધશે અને દિવસ પ્રસન્નતાથી પસાર થશે.

**મકર** : વિશેષ ઉન્નતિકારક યોગોને કારણે મન પ્રસન્ન રહેશે. જીવનમાં વિવિધતાપૂર્ણ વાતાવરણ નિર્મિત થસે. મહત્વપૂર્ણ કાર્યો પર ખર્ચ થઈ શકે છે. લાભ મળવાના પણ યોગ બની રહ્યા છે. કુટુંબમાં માંગલિક કાર્યનો યોગ.

**કુંભ** : નવા આર્થિક સાધનો પર કાર્ય થઈ શકશે. વ્યાપારમાં મુશ્કેલીઓ વધે નહી તેની કાળજી રાખવી. ધાર્મિક યાત્રાઓ થઈ શકે છે. વ્યાપારમાં ભાગ્યવર્ધક સફળતા મળી શકે છે.

**મીન** : સામાજિક કાર્યોમાં સન્માન પ્રાપ્ત થશે. નોકરીમાં સ્થિતિ મજબૂત બનશે. ઉદાર મન અને ક્ષમાવાન વ્યવહારથી લાભ થશે. સંબંધીઓથી મતભેદ થવાની શકયતા છે. વાદ-વિવાદથી દુર રહેવું.

## ચિરવિદાય

- સ્વ. દલપતસિંહ ગોપાલસિંહ ચાવડા (ઉ.વ. ૬૩) પ્લોટ નં. ૩૪૧, સેકટર-૩૦, ગાંધીનગર.
- સ્વ. ચંપાબેન ચંદુજી ઠાકોર (ઉ.વ. ૮૦) મુ.પો. પલાસણ, તા. કલોલ, જિ. ગાંધીનગર.